# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨ તા.૦૬-૦૪-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્કૂલ ઈન્સપેકટર્સની મૂળ શાળામાં કામગીરી દરમિયાન હાજરીની નોંધ કરવા બાબત.
સંદર્ભ:- ૧. પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/GSQAC/૨૦૨૩/૯૬૯૯-૯૭૮૮, તા. ૨૯/૦૩/૨૩
૨. માન. નિયામકશ્રીની સૂચના તા. ૦૬-૦૪-૨૦૨૩
૩. પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/GSQAC/૨૦૨૩/૧૦૪૯૧-૧૦૫૭૧, તા. ૦૬/૦૪/૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨-૨૩ માટે સ્કૂલ એક્રેડિટેશન માટે નિયત થયેલ રાજયની પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી પૂર્ણ થઈ હોવાથી સંદર્ભ-૧ થી સ્કૂલ ઈન્સપેકટર્સને તેમની મૂળ શાળામાં શાળાકીય કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે હેતુથી તેમને મૂળ શાળમાં કામગીરી માટે જોડાવા સૂચના આપવામાં આવેલ છે.

હાલ સ્કૂલ ઈન્સપેકટર્સ તેમની મૂળ શાળામાં કામગીરી માટે જોડાયેલ છે. મૂળ શાળામાં કામગીરીના સમયગાળા દરમ્યાન સ્કૂલ ઈન્સપેકટર્સ ધ્વારા શાળામાં પૂર્ણ સમય હાજર રહી કામગીરી કરવા તથા શાળાના મસ્ટરમાં દૈનિક હાજરીની નોંધ કરવા સંદર્ભ - ૩ થી સૂચના આપવામાં આવેલ છે. જે સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

બિડાણ:- ઉપર મુજબ

તા. ૦૬-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

સત્યમેવ જયતે

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઈઆરટી/GSQAC/2023/૯૬૯૮-૯૭૮૮
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન : (079) 23256808 - 39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : gcert12@gmail.com
વેબસાઈટ: www.gcert.gujarat.gov.in
તારીખ: 29/03/2023

**પ્રતિ,**
**પ્રાચાર્યશ્રી,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ**

**વિષય : સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની કામગીરી બાબત**
**સંદર્ભ : માન. નિયામકશ્રીની સૂચના, તા. 29/03/2023**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ 2022 - 23 માટે સ્કૂલ એક્રેડિટેશન માટે નિયત થયેલ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી પૂર્ણ થઈ છે. આથી હાલ અત્રેથી કક્ષાએથી સ્કૂલ ઈન્સ્પેક્ટર્સને સ્કૂલ એક્રેડિટેશન માટે શાળા ફાળવણી કરવામાં આવતી નથી.

આથી આપના જિલ્લા/કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ તમામ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ તેમની મૂળશાળામાં શાળાકીય કામગીરી કરી શકે તે હેતુથી તેમને તેમની મૂળશાળામાં કામગીરી માટે જોડવા અત્રેથી સૂચના આપવામાં આવે છે. અત્રેની કક્ષાએથી અન્ય સૂચના ન થાય ત્યાં સુધી જિલ્લાના તમામ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સે તેમની મૂળશાળામાં કામગીરી કરવાની રહેશે.

રાજ્ય કક્ષાએ જીસીઈઆરટી ખાતે કામગીરી કરતાં ગાંધીનગર જિલ્લાના સ્કૂલ ઈન્સ્પેક્ટર્સને અત્રેની કક્ષાએથી અન્ય સૂચના ન થાય ત્યાં સુધી જીસીઈઆરટી ખાતે ઉપસ્થિત રહી નિયત કામગીરી કરવાની રહેશે.

**(ડૉ. વી. એસ. પટેલ)**
**વહીવટી અધિકારી - GSQAC**
**જીસીઈઆરટી, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ સારું:**

માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારું:**

1. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
2. શાસનાધિકારીશ્રી તમામ